અંધારું અંતર ઓરડીએ, પળ પળ માંહી પાયે પડીએ, અંતરની જ્યોતિ પ્રગટાવો, જીવન અમ ઉજ્જવળ કરીએ...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૬૩ | ૨૩ ઓગસ્ટ, ૨૦૨૦, રવિવાર; ભાદરવા સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૨૧૨ |
| અમદાવાદ | ૧૭૯ |
| ગાંધીનગર | ૨૭ |

# પંજાબમાં પાંચ પાક ઘૂસણખોરો ઠાર

### બીએસએફના જવાનોએ ઘૂસણખોરોને આત્મસમર્પણનું કહેતા ફાયરિંગ કર્યું : અંતે ઠાર કર્યા : ઘૂસણખોરો પાસેથી બીએસએફને એકે-૪૭, એક પિસ્તોલ અને પીઠુ બેગ મળી



ચંડીગઢ,તા.૨૨

બોર્ડર સિક્યોરિટી ફોર્સએ ભારત-પાકિસ્તાન સરહદ પર પાંચ ઘૂસણખોરોને ઠાર કરી દીધા છે. પંજાબના તરણ તારણથી પાંચ પાકિસ્તાની સરહદ પાર કરવાની કોશિષ કરી રહ્યા હતા. ત્યારે બીએસએફની ૪૭ બટાલિયને પાંચેયને ઠાર કરી દીધા. અત્યારે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે કે આ ઘૂસણખોરો પાકિસતાની આતંકી છે કે સ્મગલર.

બીએસએફ દ્વારા રજૂ કરવામાં આવેલા નિવેદનમાં જણાવ્યા અનુસાર ૧૦૩ બટાલિયનના જાગૃત સૈનિકોએ તરન તારણની આંતરરાષ્ટ્રીય સરહદ પર ઘુસણખોરોને જોયા હતા. તેમને સમર્પણ કરવાનું કહેવામાં આવ્યું હતું. ઘુસણખોરોએ બીએસએફના જવાનો પર ફાયરિંગ શરૂ કરી દીધું હતું. આથી જવાબી કાર્યવાહીમાં પાંચ ઘુસણખોરો માર્યા ગયા છે. સર્ચ ઓપરેશન ચાલુ છે.

બીએસએફનું કહેવું છે કે તેમની પાસેથી એકે -૪૭, એક પિસ્તોલ અને એક પીઠુ બેગ મળી આવી છે. શસ્ત્રો અને બેગ કબજે કરી તપાસ શરૂ કરી છે. તે જ સમયે, આંતરરાષ્ટ્રીય સરહદ પર ચાંપતો બંદોબસ્ત વધારી દેવાયો છે. બીએસએફના જવાનો મુસ્તૈદીથી ઘુસણખોરીના પ્રયાસને રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે.

મ્જીહ્વએ ગુરદારપુર સેક્ટરમાં બીઓપી ચંદૂ વડાલાની નજીક ૮૯ બટાલિયને જવાનો અને એસટીએફ (સ્પેશિયલ ટાસ્ક ફોર્સ)એ થોડા સમય પહેલા ૫ કિલો હેરોઈન જપ્ત કર્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# દિલ્હીના ધોળા કુવા રિંગરોડ પર એન્કાઉન્ટર, આતંકીની ધરપકડ

### એન્કાઉન્ટર બાદ એક આતંકી ફરાર, ૨ આઇઇડી અને એક પિસ્તોલ મળી : પૂછપરછમાં ખુલાસો, રામ મંદિર નિર્માણને લઇ બોમ્બ બ્લાસ્ટ કરવા માંગતો હતો : ઝડપાયેલો આતંકવાદી ઉત્તર પ્રદેશનો રહેવાસી છે, મોટો હુમલો કરવાની ફિરાકમાં હતો

ન્યુ દિલ્હી,તા.૨૨

દિલ્હી પોલીસની સ્પેશ્યિલ સેલને શનિવારે એક મોટી સફળતા મળી છે. સ્પેશ્યિલ સેલની ટીમે શંકાસ્પદ આતંકવાદી યૂસુફની ધરપકડ કરી છે. દિલ્હી પોલીસની સ્પેશ્યિલ સેલે આ આતંકવાદીની ધરપકડ કરી લીધી છે. જાણકારી અનુસાર, શુક્રવારે રાતે ૧૧.૩૦ વાગ્યે ધૌલાકુઆથી કરોલબાગના રસ્તા પર રિજ રોડની પાસે આ એક્રાઉન્ટર થયું. ત્યાર પછી શંકાસ્પદની ધરપકડ કરી લેવામાં આવી છે. તેની પાસેથી ૨ આઈઈડી પણ પ્રાપ્ત થયા છે અને એક પિસ્ટોલ પણ મળી આવી છે.



તપાસ એજન્સી અનુસાર દિલ્હીમાં એક ખાસ વિસ્તારે ટાર્ગેટ કરવા માટે આવ્યા હતા. જોકે, તેમનો ટાર્ગેટ શું હતો હજુ સુધી તેની પુષ્ટિ થઇ શકી નથી. પૂછપરછ દ્વારા એ બાબતે જાણકારી મેળવવાની કોશિશ કરવામાં આવી રહી છે. તો આતંકવાદીની નિશાનદેહી પર દિલ્હીની બહાર પર ઓપરેશન ચાલુ છે. પ્રાપ્ત જાણકારી અનુસાર આતંકવાદીએ દિલ્હીની ઘણાં સ્થળોની રેકી કરી હતી, તે લોન વુલ્ફ એટેકની પ્લાનિંગની સાથે દિલ્હીને સળગાવવાનું કાવતરું ઘડી રહ્યો હતો. આતંકવાદીના કહેવા પર દિલ્હીના અમુક વિસ્તારો પર છાપેમારી ચાલી રહી છે.

આઈએસઆઈએસ આતંકવાદી ઉત્તર પ્રદેશના બલરામપુર જિલ્લાનો રહેવાસી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ૪૪ વંદે ભારત ટ્રેન માટેનું ટેન્ડર રદ

### અવળચંડાઈ કરતા ચીન સાથે કનેક્શન હતું : રેલવેએ ટેન્ડર રદ કરી દેવાયું હોવાની જાણ ટ્વીટરથી કરી

નવી દિલ્હી, તા.૨૨

કેન્દ્ર સરકારે ૪૪ વંદે ભારત ટ્રેનનું ટેન્ડર રદ કરી નાખ્યું છે. રેલવે મંત્રાલયે શુક્રવારે મોડી રાત્રે આ અંગેની જાણકારી આપી હતી. મંત્રાલયે કહ્યુ કે એક અઠવાડિયાની અંદર નવું ટેન્ડર જાહેર કરવામાં આવશે. રેલવેના આ પ્રોજેક્ટમાં 'મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમને પ્રાથમિકતા આપવામાં આવશે. સરકારે આ ટેન્ડર રદ કરતી દેતા ચીનને મોટો ઝટકો લાગ્યો છે. હકીકતમાં ચીની કંપનીના જોઈન્ટ વેન્ચર સીઆરઆરસી પાયોનિયર ઈલેક્ટ્રિકટ (ભારત) પ્રાઈવેટ લિમિટેડ એક માત્ર વિદેશ કંપની હતી જેને આ ટેન્ડર મળ્યું હતું. આ ઉપરાંત અન્ય પાંચ કંપનીઓને પણ આ સેમી હાઈ સ્પીડ ટ્રેનના ૪૪ સેટ્સ તૈયાર કરવાનું ટેન્ડર મળ્યું હતું. રેલવે મંત્રાલયે શુક્રવારે રાત્રે ટ્વીટ કરીને લખ્યું કે, ૪૪ સેમી હાઈસ્પીડ ટ્રેન સેટ્સ (વંદે ભારત)નું ટેન્ડર રદ કરી દેવામાં આવ્યું છે. એક અઠવાડિયાની અંદર ફ્રેશ ટેન્ડર બહાર પાડવામાં આવશે. આ ટેન્ડર રિવાઈઝ્ડ પબ્લિક પ્રોક્યોરમેન્ટ આદેશ પ્રમાણે હશે. આ અંતર્ગત મેક ઈન ઈન્ડિયા પ્રોગ્રામને પ્રાથમિકતા આપવામાં આવશે. ચીનની જોઈન્ટ વેન્ચર ચીનની સીઆરઆરસી યોન્ગજી ઈલેક્ટ્રિક કંપની લિમિટેડ અને ગુરુગ્રામની કંપની પાયનીયર ફિલ-મેડ પ્રાઈવેટ લિમિટેડ છે. બંને કંપનીએ વર્ષ ૨૦૧૫માં ભાગીદારી કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૩૨૨૦૧૩૨ | ૮૦૪૯૫૫ | ૧૫૭૮૨૬૯૫ |
| ભારત | ૩૦૩૦૧૫૫ | ૫૬૬૯૬ | ૨૨૬૪૧૯૨ |
| ગુજરાત | ૮૫૬૭૮ | ૨૮૮૩ | ૬૮૩૫૭ |
| ગાંધીનગર | ૨૧૮૪ | ૧૨૮ | ૧૮૦૦ |

# દેશમાં કોરોનાના વધુ ૬૯૮૭૮ કેસ

### છેલ્લા ૨૪ કલાકમાં ૯૪૫ના મોત : સંક્રમિતો ૩૦ લાખની નજીક : દર્દીઓના સ્વસ્થ થવાનો દર વધીને ૭૪.૩૦ ટકાએ પહોંચ્યો છે, દેશમાં કોરોના ટેસ્ટિંગ દૈનિક ૧૦ લાખને પાર



ન્યુ દિલ્હી,તા.૨૨

દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો આતંક પૂર ઝડપે વધી રહ્યો છે. દેશમાં છેલ્લા થોડા સમયથી કોરોના સંક્રમિતોના કેસ સતત વધી રહ્યા છે. આ સાથે જ કોરોનાથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ ધીમે ધીમે વધી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે શનિવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૨૯ લાખને ઓળંગી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૬૯૮૭૮ કેસ નોંધાતા કુલ કેસ ૨૯૭૫૭૦૧ થઈ ગયા છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ પણ સુધરી

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીજીએ ભેટમાં આપેલા ચશ્માની અઢી કરોડમાં હરાજી

### ઈસ્ટ બ્રિસ્ટલ ઓક્શન એજન્સી દ્વારા હરાજી કરવામાં આવી

લંડન, તા.૨૨

અમેરિકાના એક કલેક્ટરે ૨.૬ લાખ પાઉન્ડ એટલે કે ૨.૨૫ કરોડ રૂપિયામાં ગાંધીજીના ચશ્મા ખરીદી લીધા છે. બ્રિટનમાં આ ચશ્માની ઑનલાઈન હરાજી કરવામાં આવી હતી. સોનાના વરખવાળા આ ચશ્મા વિશે કહેવામાં આવી છે કે ગાંધીજીએ આ ચશ્માને પહેર્યા હતા. દાવો કરવામાં આવી છે કે વર્ષ ૧૯૧૦થી ૧૯૨૦માં ગાંધીજીએ આ ચશ્માને એક વ્યક્તિને ભેટમાં આપી દીધા હતા. ગાંધીજીની ચશ્માની હરાજી ઈસ્ટ બ્રિસ્ટલ ઑક્શન એજન્સી તરફથી કરવામાં આવી હતી. દક્ષિણ-પશ્ચિમ ઈંગ્લેન્ડની એજન્સીએ જણાવ્યું કે અમને એ વાત જાણીને ખૂબ નવાઈ લાગી હતી કે આ ચશ્મા તેમની ડાકપેટીમાં એક કવરમાં મૂકવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યો વચ્ચેની આંતરિક ગતિવિધિને રોકવા સામે મનાઈ

નવી દિલ્હી, તા. ૨૨

કેન્દ્રીય ગૃહ સચિવે દેશનાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ચિઠ્ઠી લખીને કહ્યું છે કે અનલોક-૩ની ગાઈડલાઈન પ્રમાણે કોરોના વાયરસ લોકડાઉનમાં રાહતો આપવામાં આવેલી છે અને ઈન્ટર સ્ટેટ મૂવમેન્ટ માટે તેમાં કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ લાગુ કરાયેલો નથી. રાજ્યોમાં બે શહેરોની વચ્ચેની ગતિવિધિ પણ ચાલુ રહેવી જોઈએ એમ તેમણે કહ્યું છે. સચિવ કહ્યું છે કે સામાનની હેરફેર માટે આ મહત્વનું કદમ છે.

પત્રમાં કહેવાયું છે તેમને મળેલા રિપોર્ટ પ્રમાણે કેટલાંય રાજ્યમાં જિલ્લા સત્તાવાળાઓએ સંખ્યાબંધ પ્રતિબંધો લાગુ કરેલા

● અનુસંધાન પાન-૭ પર

बैंक ऑफ इंडिया Bank of India BOI
સંબંધોની મૂડી

ઝોનલ ઓફિસ, ગાંધીનગર ઝોન, બી.ઓ.આઈ. બિલ્ડિંગ, બીજો માળ, સેક્ટર ૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬. ફોન: ૦૭૯-૨૩૨-૩૩૯૨૩. ઈમેલ: Gandhinagar.HRD@bankofindia.com

**ગાંધીનગર ઝોનલ ઓફિસ ખાતે રજીસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટીશનર (MBBS) નિમણૂક માટે**

બેન્ક ઓફ ઈન્ડિયા, ગાંધીનગર ઝોનલ ઓફિસ ખાતે રજીસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટીશનર (MBBS) ની કરાર આધારિત નિમણૂક કરવાની હોઈ યોગ્ય પાત્રતા ધરાવતા તેમજ ઈચ્છુક ગાંધીનગર સ્થિત MBBS ડોક્ટરો તેના માટેનું નિયત અરજીપત્રક ગાંધીનગર ઝોનલ ઓફિસ ખાતેથી સોમવાર થી શુક્રવાર દરમિયાન ૧૧.૦૦ થી ૪.૦૦ સુધી મેળવી શકે છે. અરજીપત્રક ભરીને બંધ કવરમાં જમા કરાવવાની અંતિમ તારીખ: ૦૫.૦૯.૨૦૨૦ રહેશે. નિમણૂક પામેલ મેડિકલ પ્રેક્ટીશનરને પ્રતિમાસ રૂા. ૧૨,૦૦૦/- મહેનતાણું આપવામાં આવશે. તેમજ ઓફિસ ખાતે ફરજનો સમય બપોરે ૨.૦૦ થી ૪.૦૦ રહેશે. નિમણૂક બેંકના ધારાધોરણો મુજબ રહેશે. જેની વિગતો કચેરી ખાતેથી મેળવી શકશો.

શુભેન્દુકુમાર બેહેરા, ઝોનલ મેનેજર, ગાંધીનગર ઝોન

GANDHINAGAR'S EXCLUSIVE INDUSTRIAL PARK ON 30 METRE T.P. ROAD

GUDA APPROVED | RERA REGISTERED

AB શ્રી અર્બુદા બિલ્ડર્સ
TRUST IS OUR KEYSTONE

॥ શુકન ॥ INDUSTRIAL PARK

INDUSTRIAL PLOTS STARTS FROM 650 SQ.YD.

AN IDEAL BUSINESS PLACE FOR
ENGINEERING | PLASTIC | TEXTILE | PHARMACEUTICAL
FOOD & AGRO | PRINTING | AUTOMOBILES
WAREHOUSE | COLD STORAGE | AND MANY MORE INDUSTRIES

RERA Regn. No.: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/PAA07336/140820

Site : Shukan Industrial Park, Nr. Jogni Mata Mandir, Nr. Sector-26 GIDC, Surve No. 1176, 1177, Pethapur, Gandhinagar.

Contact : 9998973875 / 9898988585

## છેલ્લે... છેલ્લે...

- નવા ચૂંટણી કમિશ્નર તરીકે પૂર્વ નાણાં સચિવ રાજીવ કુમારની નિમણૂંક
- દાઉદ ઈબ્રાહીમ કરાચીમાં હોવાનો પાકિસ્તાનનો સત્તાવાર સ્વીકાર
- પ્રણવ મુખરજીની સ્થિતિ યથાવત
- આપણે એક રહીશું તો ફક્ત બે જ વર્ષમાં કોરોના મહામારીનો અંત આવશે
- આંધ્રપ્રદેશમાં સીઆઈડીના એપીસીઓના પૂર્વ ચેરમેનના ઘરે દરોડા
- JMMના પ્રમુખ શિબુ સોરેન કોરોના પોઝિટિવઃ મુખ્યમંત્રી હેમંત સોરોન ટેસ્ટ કરાવશે

SWARRNIM STARTUP & INNOVATION UNIVERSITY
Gandhinagar, Gujarat
INDIA'S FIRST UNIVERSITY FOR STARTUP

ADMISSIONS OPEN 2020-21

School of Technology
Diploma - Computer | Civil | Electrical | Mechanical | Automobile
B.Tech - Computer Egg. | IT | EC | Mechanical | Electrical | Civil | Automobile AI | CTIS | MACT | Blockchain
M.Tech - Advance Manufacturing System | AI | Electronics Communication Power Systems | Environmental Engineering | Cyber Security
PHD

School of Health Science
BAMS | BHMS | BPT | GNM | B.Sc. Nursing DMLT | Sanitary Inspector

School of Science
B.Sc. - PCM | Biotech | Microbiology | Fire And Safety
M.Sc. - Biotech | Chemistry Microbiology

Institute of Designs
B.Arch
B.Sc. Fashion & Creative Style (international Collaboration With Atelier Chardon Savard-Paris)
B.Des/Diploma - Fashion | Interior Product Graphic & Animation | UX
M. Plan

School of Business
B.Com | BBA | BCA | M.Com | MBA | Airport Mgmt | Hotel Mgmt.

SWARRNIM EASY FEE
0% Interest Education Loan
Scan to Apply Online ▶▶
Contact Us
www.swarrnim.edu.in
admission@swarrnim.edu.in
95108 58239
95108 68970

100% Placement in Last 3 Years

જ્યારે શુદ્ધ, સુરક્ષિત અને પૌષ્ટિક અમૂલ દૂધ છે, તો પછી ખુલ્લું અથવા અન્ય બ્રાન્ડનું દૂધ શા માટે?




अमूल दूध पीता है इंडिया

અમૂલ દૂધ

Amul The Taste of India

પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079 - 23969055/56/57